Gujarat Samachar (Plus)

April 21, 2017
Pg.2

EDII

# સસ્ટેનિબિલિટી ડેવલપમેન્ટ ગૉલને હાંસલ કરવામાં સર્જનાત્મકતાનો ઉપયોગ કરાશે

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈ)એ 'વર્લ્ડ ક્રિએટિવિટી એન્ડ ઈનોવેશન વીક' નિમિત્તે કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીઅલ પાર્કની મહિલા ઉદ્યોગ સાહસિકો તથા આર્કિટેક્ચરલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના કુલ ૧૭ લક્ષ્યોને ઈનોવેશન બળ આપવાના તથા ચર્ચાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી આયોજિત કોન્ફરન્સમાં કૌશલ્ય વિકાસ, મહિલાઓના ઉત્કર્ષ તથા સસ્ટેનેબલ આર્કિટેક્ચરમાં ઈનોવેશનની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરાયુ હતુ. ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક સી.એન.નાગરાનીએ કોન્ફરન્સને સંબોધી હતી.

લોકોને નવા વિચારો અને નવા નિર્ણયો લેવા તથા પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષે વર્લ્ડ ક્રિએટિવિટી એન્ડ ઈનોવેશન વીક મનાવવામાં આવે છે. આ સપ્તાહનો પ્રારંભ ૧૫મી એપ્રિલ લિઓનાર્દો દ વિન્ચીના જન્મદિવસથી ૨૧મી ના રોજ સમાપ્ત થાય છે. આ વર્ષે યુએન ડેઝ ઓફ ઓબ્ઝર્વન્સ તરીકે સપ્તાહને ચિહ્નિત કરવાના પ્રયાસો ચાલુ છે. આનો ઉદ્દેશ ૨૦૩૦ યુએન સસ્ટેનિબિલિટી ડેવલપમેન્ટ ગોલને હાંસલ કરવામાં સર્જનાત્મકતાનો ઉપયોગ કરવાનો પણ છે.

આ અંગે ઈડીઆઈના એસોસિએટ પ્રોફેસર ડૉ. નિરાલી પંડિત કહે છે કે, આ વર્કશોપના આયોજનનો ઉદ્દેશ ઉભરતા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓને સ્થાપિત ઉદ્યોગ સાહસિકો સાથે સાંકળવાનો હતો કે જેમણે પોતાની સર્જનાત્મકતા અને નવીન ખ્યાલોથી સફળતા હાંસલ કરી છે. અમારો આશય એ છે કે ઉદ્યોગ સાહસિકો પોતાની સાફલ્યગાથા વર્ણવે અને અન્યને અભિગમમાં સકારાત્મક બદલાવ લાવવા પ્રેરિત કરી શકાય.